BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટન ફાયર મનાવશે કાર્બન મોનોક્સાઇડ જાગરૂકતા સપ્તાહ
# નવેમ્બર 1 - 7

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (29 ઑક્ટોબર 2021) – નવેમ્બર 1 થી 7 સુધી બ્રૅમ્પટન ફાયર એન્ડ ઇમર્જન્સી સર્વિસિસ અને સિટી ઓફ બ્રૅમ્પટન કાર્બન મોનોક્સાઇડ જાગરૂકતા સપ્તાહ મનાવી રહ્યા છે જેથી સમાજને કાર્બન મોનોક્સાઇડ અંગે જાણકારી આપી શકાય જે એક ગંધરહિત, સ્વાદરહિત અદ્રશ્ય વાયુ છે જેમાં મોટું નુકસાન કરવાની સંભાવના છે. આ વર્ષની થીમ છે "જેની તમને ગંધ ન આવે કે સ્વાદ ન આવે તે તમને મારી **શકે છે**!", અને આ સપ્તાહ સમાજને તે જાનકારી આપવા માટે સમર્પિત છે કે સુરક્ષિત રહેવા માટે તેઓ કેવી રીતે તૈયારી કરી શકે.

કાર્બન મોનોક્સાઇડ વિશે જાણવું જોઇએ કે તે કેવી રીતે પેદા થાય છે અને તે હોવાનું યોગ્ય સૂચન જીવ બચાવી શકે છે.

- યોગ્ય રીતે ઇન્સ્ટોલ કરેલા કાર્બન મોનોક્સાઇડ એલાર્મથી ઘણાં જીવ બચાવી શકાય છે.
- તમામ સૂવાની જગ્યાઓ પર કાર્બન મોનોક્સાઇડ એલાર્મ ઇન્સ્ટોલ કરો.
- માસિક ધોરણે કાર્બન મોનોક્સાઇડ એલાર્મ તપાસતા રહો
- દર વર્ષે બેટરીઓ બદલવી

બ્રૅમ્પટન ફાયર એન્ડ ઇમર્જન્સી સર્વિસિસના સભ્યો નીચે આપેલ સ્થળો પર ફાયર સુરક્ષા પ્રોત્સાહિત કરવા, સમાજને કાર્બન મોનોક્સાઇડની મહત્તા સમજાવવા અને જવાબો આપવા હાજર રહેશે:

- નવેમ્બર 1 – મેકડોનાલ્ડ્સ, 7690 મેન સ્ટ્રીટ, સવારે 11 – બપોરે 1
- નવેમ્બર 2 – કૅનેડિયન ટાયર, 2850 ક્વિન સ્ટ્રીટ E, બપોરે 2 – 4
- નવેમ્બર 1 – મેકડોનાલ્ડ્સ, 9485 મિસિસૉગા રોડ, સવારે 11 – બપોરે 1
- નવેમ્બર 1 – મેકડોનાલ્ડ્સ, 10565 બ્રૅમલી રોડ, સવારે 11 – બપોરે 1
- નવેમ્બર 5 – ફ્લાઅર સીટી સિનિયર્સ સેંટર 8870,મક્લૉલિન રોડ, બપોરે 1 – 4

કાર્બન મોનોક્સાઇડ જાગરૂકતા સપ્તાહ દરમિયાન બ્રૅમ્પટન ફાયર એન્ડ ઇમર્જન્સી સર્વિસિસને અહીં ફોલો કરોTwitter, Facebook, અને YouTube જ્યાં તમને સલામતીના સૂચનો અને કેવી રીતે પોતાની જાતને સલામત રાખવી તેની માહિતી મળશે.

બ્રૅમ્પટન ફાયર એન્ડ ઇમર્જન્સી સર્વિસિસ સમાજમાં સુરક્ષા અંગે પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે. ચાલી રહેલ ભાગીદારીમાં બ્રૅમ્પટન ફાયર શેરિડાન કૉલેજ સાથે કામ કરી રહેલ છે જેથી ડેવિસ કેમ્પસના વિસ્તાર્ની આસપાસ વિદ્યાર્થીઓને ફાયર સેફ્ટી અને સ્મોક અને કાર્બન મોનોક્સાઇડના સંયોજીત એલાર્મના યોગ્ય ઉપયોગની મહત્તા અંગે જાણકારી આપી શકાય. બન્ને મળીને તેઓ માહિતીના સંપુટ આશરે 2,000 ઘરોમાં પહોંચાડશે.

# BRAMPTON

**Media Release**

ઓક્ટોબર 25ના રોજ, બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસને 606 સ્મોક અને કાર્બન મોનોક્સાઇડ એલાર્મ એનબ્રિજ ગેસ પાસેથી સેફ કમ્યુનિટી પ્રોજેક્ટ ઝીરોના માધ્યમથી પ્રાપ્ત થયા. આ એલાર્મ પૈકી બસો જેટલા નંગ શેરિડાન કૉલેજને હાલના પ્રોગ્રામિંગના સમર્થનમાં અપાશે જે ઓફ કેમ્પસ રહેતા વિદ્યાર્થીઓ માટે આગ સામેની સલામતીને પ્રોત્સાહિત કરે છે.

કાર્બન મોનોક્સાઇડ જાગરૂકતા સપ્તાહના પ્રાયોજક એનબ્રિજ ગેસનો તેમના ઉદાર સમર્થન અને સમુદાયની સુરક્ષાની ચાલુ રાખેલ પ્રતિબદ્ધતા માટે આભાર.

કાર્બન મોનોક્સાઇડ સલામતી પર વધુ માહિતી માટે અહીં મુલાકાત લો bramptonfire.com

**સુવાક્યો**

"કાર્બન મોનોક્સાઇડ મૂક કાતીલ છે અને ચાલુ રહેલ પ્રશિક્ષણ અને સલામતી તેમજ નિવારણ અંગેની જાગરૂકતાના યોગદાનથી બ્રૅમ્પટન એક સ્વાસ્થ્યપ્રદ અને સુરક્ષિત શહેર બની શકશે. આ કાર્બન મોનોક્સાઇડ જાગરૂકતા સપ્તાહના અવસરે હું બધાને આ નુકસાનકારક ગેસ શું છે તેનાથી વાકેફ થવા અને પોતાના ઘરોમાં કાર્બન મોનોક્સાઇડ એલાર્મ ઈન્સ્ટોલ કરવા આહ્વાન કરું છું."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"સુરક્ષાનો પ્રારંભ તમારાથી થાય છે. હું રહેવાસીઓને તેમની સલામતી અને સંરક્ષણમાં સક્રિય ભૂમિકા ભજવવા, કાર્બન મોનોક્સાઇડ શું છે તે વિશે જાણવા અને એલાર્મ યોગ્ય રીતે ઈન્સ્ટોલ કરવામાં તેમજ જાળવવામાં આવે તેની ખાતરી કરવા માટે પ્રોત્સાહિત કરું છું."

- *રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ બ્રૅમ્પટનના પ્રમુખ*

આ કાર્બન મોનોક્સાઇડ જાગૃકતા સપ્તાહમાં, અમે સમુદાયને આ ગેસના જોખમો વિશે શિક્ષિત કરવા માટે માહિતી પ્રદાન કરીશું જેથી કરીને રહેવાસીઓ સક્રિય બની શકે અને કાર્બન મોનોક્સાઇડના ઝેરની અસરને લગતી ઘટનાઓ સામે પોતાનું રક્ષણ કરી શકે. ઈંધણ બાળતા ઉપકરણો અને/અથવા જોડાયેલ ગૅરેજ સાથેના ઘરમાં દરેક સૂવાના વિસ્તારોની બાજુમાં કાર્યરત કાર્બન મોનોક્સાઇડ એલાર્મ જરૂરી છે. કાર્બન મોનોક્સાઇડ એલાર્મનું માસિક પરીક્ષણ કરો, વર્ષમાં ઓછામાં ઓછા એક વખત બેટરી બદલો અને રિપ્લેસમેન્ટ માટે ઉત્પાદકની સૂચનાઓનું પાલન કરો."

- *બિલ બોય્ઝ, ફાયર ચીફ, બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
પ્રભજોત કૈન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ઼ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca